સત્યમેव जयते

કેસ રજુ તા. ૦૭–૦૨–૨૫
દાખલ તા. ૦૭–૦૨–૨૫
ફેંસલ તા. ૧૧–૦૫–૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૦૭/૨૦૨૫
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** ૧) મનસુખભાઈ ગોવિંદભાઈ સોલંકી,
ઉ.વ.આ. ૪૪, ધંધો – મજુરી,

૨) વિજયભાઈ મનસુખભાઈ સોલંકી,
ઉ.વ.આ. ૨૪, ધંધો – મજુરી,
બંને મુળ રહે. ગોખલાણા, તા.જસદણ, જી.રાજકોટ.
હાલ રહે. સરધાર, ડોકા મરડી સોસાયટી,
તા.જી.રાજકોટ.

---

**ગુનોઃ–** ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ – ૪, ૬, ૮, ૧૨, ૧૭ મુજબનો ...

---

---

ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – કે.એમ.મકવાણા.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી – એ.એસ.મેટાલીયા.

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી કે જે આ કામના ભોગબનનાર, ઉમર ૧૪ વર્ષ અને ૦૩ માસ છે તેણીને આરોપી ભરતભાઈ મનસુખભાઈ સોલંકી સગીર હોવાનું જાણવા છતાં, તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ, તેણીને લગ્ન કરવાની લાલચ આપી, તા.૧૬/૧૧/૨૦૨૦ ના રોજ તુરખા વાડી વિસ્તારમાંથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી

લલચાવી–ફોસલાવી, અપહરણ કરી, તેણીને સરધાર ગામે લઈ જઈ, તેણી સાથે રાત્રીના સમયે અવાર નવાર શરીર સંભોગ (બળાત્કાર) કરેલ. જેમાં આરોપી નં. ૨ વિજયભાઈ મનસુખભાઈ સોલંકીએ મુખ્ય આરોપી તથા ભોગબનનારને સરધાર ગામેથી ગોખલાણા ગામે વાડી વિસ્તારમાં મોકલી આપેલ તેમજ મુખ્ય આરોપી ભરતભાઈ મનસુખભાઈના પિતા આરોપી નં. ૧ સદરહુ ગુન્હાની હકીકતથી સંપૂર્ણ વાકેફ હતા અને મુખ્ય આરોપી તથા ભોગબનનારને ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ગુનો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૫૨૦૦૮૮૪/૨૦૨૦ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપીઓ વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીઓની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

**૪.)** ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૦૭/૨૦૨૫ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી એ. એસ. મેટાલીયા હાજર થયેલા.

**૫.)** શ્રી સરકારપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૦૫ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ આરોપીઓ

વિરૂદ્ધ આંક – ૦૮ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક –૦૯ અને આંક–૧૦ થી આરોપીઓનો જવાબ નોંધતાં આરોપીઓએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

**૬.)** આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૧૨ | ફરિયાદી/ભોગબનનારના માતા | ફરિયાદી |
| ૨. | ૧૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ૨૫ | પરબતભાઈ ધારાભાઈ વાંદા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | ફરિયાદ |
| ૨. | ૧૫ | ભોગબનનારે બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૩. | ૧૬ | આરોપીની મેડિકલ તપાસણી કરવા કરેલ યાદી |
| ૪. | ૧૭ | આરોપીનું મેડિકલ સર્ટીફિકેટ |
| ૫. | ૧૮ | ભોગબનનારનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૬. | ૧૯ | ભોગબનનારનુ ગાયનેક સંબંધી મેડિકલ સર્ટીફિકેટ આપવા કરેલ યાદી |
| ૭. | ૨૦ | ભોગબનનારનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૮. | ૨૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૯. | ૨૬ | આરોપીની અટક પંચનામુ |

**૭.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક– ૨૭

ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે.

૮.) ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી એ.એસ.મેટાલીયાની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

૮.૧) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી કે જે આ કામના ભોગબનનાર, ઉમર ૧૪ વર્ષ અને ૦૩ માસ છે તેણીને મુખ્ય આરોપી ભરતભાઈ મનસુખભાઈ સોલંકી સગીર હોવાનું જાણવા છતાં, તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ, તેણીને લગ્ન કરવાની લાલચ આપી, તા.૧૬/૧૧/૨૦૨૦ ના રોજ તુરખા વાડી વિસ્તારમાંથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી–ફોસલાવી, અપહરણ કરી, તેણીને સરધાર ગામે લઈ જઈ, તેણી સાથે રાત્રીના સમયે અવાર નવાર શરીર સંભોગ (બળાત્કાર) કરેલ. જેમાં આરોપી નં. ૨ વિજયભાઈ મનસુખભાઈ સોલંકીએ મુખ્ય આરોપી તથા ભોગબનનારને સરધાર ગામેથી ગોખલાણા ગામે વાડી વિસ્તારમાં મોકલી આપેલ તેમજ મુખ્ય આરોપીના પિતા સદરહુ ગુન્હાની હકીકતથી સંપૂર્ણ વાકેફ હતા અને મુખ્ય આરોપી તથા ભોગબનનારને ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, શિક્ષાપાત્ર ગુનો કરેલો છે. જેથી ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં દર્શાવેલ પુરેપુરી સખત સજા કરવી જોઇએ તેવી ભારપુર્વકની રજુઆત કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી એ. એસ. મેટાલીયા દ્વારા બચાવ રજુ કરેલ છે કે, આ કામના ફરીયાદી જે મહત્વના સાહેદ હોવા છતાં તેમણે બનાવને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદીને ફરીયાદપક્ષે

સુચક પશ્નો પુછેલ હોવા છતાં ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી. જેથી ફરીયાદપક્ષના મહત્વના સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખતાં નથી.

આમ, સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનું તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વિદ્વાન વકીલશ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીઓને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**૧.)** શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી કે જે આ કામના ભોગબનનાર, ઉમર ૧૪ વર્ષ અને ૦૩ માસ છે તેણીને મુખ્ય આરોપી ભરતભાઈ મનસુખભાઈ સોલંકી સગીર હોવાનું જાણવા છતાં, તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ, તેણીને લગ્ન કરવાની લાલચ આપી, તા.૧૬/૧૧/૨૦૨૦ ના રોજ તુરખા વાડી વિસ્તારમાંથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવી, અપહરણ કરી, તેણીને સરધાર ગામે લઈ જઈ, તેણી સાથે રાત્રીના સમયે અવાર નવાર શરીર સંભોગ (બળાત્કાર) કરેલ. જેમાં આરોપી નં. ૨ વિજયભાઈ મનસુખભાઈ સોલંકીએ મુખ્ય આરોપી તથા ભોગબનનારને સરધાર ગામેથી ગોખલાણા ગામે વાડી વિસ્તારમાં મોકલી આપેલ તેમજ મુખ્ય આરોપી ભરતભાઈ મનસુખભાઈના પિતા આરોપી નં. ૧ સદરહુ ગુન્હાની હકીકતથી સંપૂર્ણ વાકેફ હતા અને મુખ્ય આરોપી તથા ભોગબનનારને ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ઈ.પી.કોડ કલમ - ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોક્સો એક્ટની

કલમ – ૪, ૬, ૮, ૧૨, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**–: કારણો :–**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ફરિયાદીને આંક – ૧૨** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઈ તારીખે બનેલો તે તેઓને યાદ નથી પરંતુ એક–બે વર્ષ પહેલા બનેલો. ભોગબનનારની જન્મતારીખ તેમને યાદ નથી. વર્ષ કેટલા થયેલા હશે તે પણ તેઓ કહી શકે નહી. તેઓ બનાવના દિવસે તેઓ ભાગવી જમીન વાવે છે તે વાડીમાં રાત્રિના વાળુપાણી કરી તેઓ તથા તેમના પરીવારના સભ્યો રહેતા હતા. તેઓ તથા તેમનો દીકરો બન્ને ચણાના પાકમાં પાણી વાળવા માટે ગયેલા હતા અને તેમના પિતા તેમની સાથે વાડીએ સુવા માટે આવેલા અને સવારના ૬.૩૦ વાગે તેઓ ઘરે આવતાં તેમના પતિએ તેમને વાત કરેલ કે, ભોગબનનાર દીકરી ઘરમાં જોવા મળેલ નહી જેથી તેણીએ તેમના પતિને કહેલ કે કદાચ સંડાસ જવા ગયેલી હશે જેથી તેઓએ થોડીવાર વાટ જોઈ અને તેમની ભોગબનનાર દીકરીનો સંબંધ કરેલ હોય તે તેમના જમાઇના મોબાઇલ પર ફોન કરેલ જેનો મોબાઈલ નંબર હાલ તેમને યાદ નથી. પરંતુ તે મોબાઇલ ફોન બંધ આવેલો અને ઘણો સમય થવા છતાં ભોગબનનાર દીકરી પરત ન આવતાં તેનો સંબંધ ઉંચડી તા.ધંધુકા ગામે કરેલ હોય તેમના જમાઈ સોનુને ફોન કરી ભોગબનનાર વિશે પુછતાં ત્યા નહી હોવાનું જણાવતાં તેમના સગા સંબંધીઓમાં શોધખોળ શરૂ કરેલી. આજુબાજુમાં પણ સગાસબંધીઓને ફોન કરી પુછપરછ કરતાં મળી આવેલ નહી. જેથી તેમની બહેનને જે ગોખલાણા તા.જસદણ ગામે સાસરે હોય અને તેના સસરા જે સરધાળ હરીપર રોડ પર આવેલ જેતીભાઈની વાડી ભાગવી રાખેલી હોય ત્યા રહેતો હોય જેથી તેઓ

તથા તેમના પતિ વિગેરે સરધાળ જેતીભાઈની વાડીએ ગયેલા અને ત્યા મનસુખભાઇને પુછેલ ત્યારે તેમનો દીકરો ભરત ત્યા હાજર જ હતો બીજું કાઇ બનેલ નહી. જેથી તેઓ પરત ઘરે આવી ગયેલા અને તેમણે પોલીસમાં ફરીયાદ આપેલી. ફરિયાદીને તેમની ફરિયાદ બતાવતા તેમાં પોતાના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવી, સદરહુ ફરિયાદ આ કામે આંક – ૧૩ થી રજુ રાખેલ છે.

તેમની ભોગબનનાર દીકરી તેમના સાસુને ત્યા લાખ્યાણી ગામે કોઈને કીધા વગર જતી રહેલી અને બાદમાં તેને જાણ થતાં તે પરત તેમના ઘરે જાતે આવી ગયેલી. આરોપી ભરતભાઈ મનસુખભાઈ સોલંકી તેમની દીકરી ભોગબનનારને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઈ ગયેલ હોય અને હાલના આરોપીઓએ તે ગુન્હામાં મદદગારી કરી હોય તેવુ બનેલ નથી. આરોપીઓ તેમના સગા થતા હોવાથી તેઓ ઓળખે છે.

સદરહુ ફરીયાદી પોતાની ફરીયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્ધાન એ.પી.પી.શ્રી એ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ અન્વયે વિસંગતતા પુરવાર કરવા તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં ફરીયાદીએ તેમની ફરીયાદ અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

→ બચાવપક્ષે થયેલ સદરહુ ફરિયાદીની ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, પોલીસે માત્ર તેમને નામ સરનામું અને ઉમર પુછેલી. તેમને ઘરમેળે સમાધાન થઇ ગયેલું છે. આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઇ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. તેણીએ તેમની ભોગબનનાર દીકરીને કામ અંગે ઠપકો આપતાં તે તેની જાતે તેમના સાસુના ઘરે લાખ્યાણી મુકામે જતી રહેલી અને તે જાતે જ ઘરે પરત આવી ગયેલી. તેણીને તેમની ભોગબનનાર દીકરીની જન્મતારીખ યાદ નથી.

– ઉપરોક્ત ફરિયાદીના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેમની ભોગબનનાર દીકરીને આરોપી લલચાવી

ફોસલાવીને લઈ ગયેલ હોય અને હાલના આરોપીઓએ તેમને ભગાડી જવામાં મદદગારી કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં ફરિયાદી દ્વારા ભોગબનનારની ચોક્કસ જન્મ તારીખ અંગેનો કોઈ આધારભૂત પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ તેમની ભોગબનનાર દીકરીને કામ અંગે ઠપકો આપતાં તે તેની જાતે તેમના સાસુના ઘરે લાખ્યાણી મુકામે જતી રહેલી અને તે જાતે જ ઘરે પરત આવી ગયેલી. આમ, ફરિયાદીનો પુરાવો આ કામના આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થાય તેવો રજુ થયેલો નથી. તેમજ ફરિયાદીએ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઇ પુરાવો રજુ કરેલ ન હોવાથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો નથી.

**૧૧.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારને આંક – ૧૪ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીની જન્મતારીખ ૧૫/૦૮/૨૦૦૬ છે. તેણીને બનાવ સમયે તેમની માતાએ ઠપકો આપતાં તેમના નાનીના ઘરે કોઈને પણ કીધા વગર જતી રહેલી. તેણી ઘરે ન મળી આવતાં તેમના માતાએ પોલીસમાં ફરીયાદ આપેલી. ત્યારબાદ તેમને જાણ થતાં તેણી તેમની જાતે એકલી ઘરે પરત આવી ગયેલી અને બાદમાં પોલીસ સ્ટેશને ગયેલી. જ્યા તેણીએ તેમની નાની સાથે જવાની સંમતિ દર્શાવતા પોલીસે તેમને નાની ને ત્યા મોકલી આપેલી. પોલીસને તેણીએ કપડા આપેલા હોય તેવું બનેલું નથી. પોલીસ તેણીને દવાખાને લઇ ગયેલી જ્યા તેણીએ ડોકટરને કાઇપણ જણાવેલું નહી. આરોપી મનસુખભાઈ ગોવિંદભાઈ અને વિજયભાઈ મનસુખભાઈ સોલંકીએ તેણીને ભગાડી જવામાં મદદગારી કરેલ હોય તેવુ બનેલ નથી. તેણી બનાવવાળી જગ્યા પોલીસને બતાવવા ગયેલી હોય તેવુ બનેલ નથી. આરોપી તેણીના સગા થતા હોવાથી તેણી ઓળખે છે.

સદરહુ ભોગબનનાર પોતાના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ અન્વયે વિસંગતતા પુરવાર કરવા

તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં ભોગબનનનારે ફરીયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

→ બચાવપક્ષે થયેલ સદરહુ ભોગબનનારની ઉલટતપાસમાં તેણીએ જણાવેલ છે કે, પોલીસે માત્ર તેણીને નામ સરનામું અને ઉમર પુછેલી. તેમને ઘરમેળે સમાધાન થઈ ગયેલુ છે. આરોપીઓએ તેણીને લઈ જવામાં મદદગારી કરેલ હોય તેવુ બનેલ નથી. તેણીને કામ અંગે ઠપકો આપતાં તેણી જાતે તેમના નાનીના ઘરે લાખ્યાણી મુકામે જતી રહેલી અને જાતે જ ઘરે પરત આવી ગયેલી.

– આમ, ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કરતાં, તેણી જે આ કામના ભોગબનનાર છે તેણીએ ફરીયાદમાં જે આક્ષેપો કરેલા છે તે મુજબનો લેશમાત્ર પુરાવો આ કામે રજુ કરેલો નથી. આમ, આ કામના આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થાય કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો તેનો પુરાવો નથી. આથી ભોગ બનનાર સાહેદની જુબાનીમાં તેણીને ભગાડી જવામાં હાલના આરોપીઓએ મુખ્ય આરોપીની મદદગારી કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત ભોગબનનાર જણાવતા નથી. તેઓએ ફરિયાદપક્ષના કેસને સમગ્રતયા નકારી કાઢેલ છે.

**૧૨.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ તપાસ કરનાર અમલદાર પરબતભાઈ ધારાભાઈ વાંદાને આંક – ૨૫** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ ના અરસામાં તેઓ પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ પર હતા તે વખતે સદર ગુનાના આરોપીઓ નાસતા ફરતા હોય અને તેઓની તેમણે ધોરણસર અટક કરેલી. જેનુ અટક પંચનામુ બે પંચો રૂબરૂ શ્રી એચ.બી.ખેરાળીયા, હેડ કોન્સ્ટેબલ, એલ.સી.બી. શાખાનાઓએ કરેલુ. જે પંચનામુ તેઓને બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી, આંક – ૨૬ થી રજુ રાખેલ છે. તેમજ બંને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે

કે, તેઓએ ચાર્જશીટ સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ ત.ક.અધિકારી તરીકે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ આ કામે તપાસવામાં આવેલ ફરિયાદ તથા ભોગબનનારના પુરાવાથી તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા જે તપાસ કરવામાં આવેલી છે તે આરોપીઓને સજા કરી શકાય તેટલી પૂરતી જણાતી નથી અને તેઓની તપાસને કોઈપણ પ્રકારનું સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**૧૩.)** સદર કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદ એવા ફરીયાદી/ ભોગબનનારના માતા તથા ભોગબનનારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીઓને સાંકળતો તેઓએ કોઇ પુરાવો રજુ રાખેલો નથી. ભોગબનનાર કે જે આ કામના અતિમહત્વના સાહેદ છે. તેઓએ તદ્દન વિપરીત જુબાની આપેલ છે. તેઓના પુરાવામાં આરોપીઓએ તેણીને ભગાડી જવામાં મદદગારી કરેલ હોય તેવું બનેલ નથી તેવો પુરાવો રજુ કરેલો છે.

તેમજ તેણીના માતા/ફરિયાદીએ પણ આ કામના આરોપીઓએ ભોગબનનારને ભગાડી જવામાં કોઈ પણ પ્રકારે મદદગારી કરેલ હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં ફરિયાદીએ પોતાની ઉલટતપાસમાં તેણીએ ભોગબનનારને ઠપકો આપતા ભોગબનનાર તેમના સાસુને ત્યા જતી રહેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, મહત્વના સાહેદોએ જ ફરીયાદપક્ષની હકીકતોથી વિપરીત પુરાવો રજુ કરેલો છે. જેથી પોલીસ અધિકારીશ્રીનો પુરાવો હાલના તબક્કે ગૌણ બની જાય છે. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–: હુકમ :–**

**૧.)** આરોપી નં. ૧) મનસુખભાઈ ગોવિંદભાઈ સોલંકી, ૨)વિજયભાઈ મનસુખભાઈ સોલંકી, બંને મુળ રહે. ગોખલાણા, તા.જસદણ, જી.રાજકોટ. હાલ રહે. સરધાર, ડોકા મરડી સોસાયટી,

તા.જી.રાજકોટને ઇ.પી.કો. કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), ૩૭૬(૩),૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ–૪,૬,૮,૧૨,૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીઓના જામીન તથા જામીનખત આથી રદ્ધ કરવામાં આવે છે.

**૩.)** આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

હુકમ આજ તા. ૧૧ મી મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ